# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ડાહ્યા બે કાગડા ચારે બાજુથી ઘેરાઇ ગયા છે,
ઉદ્યોગોને દીધેલાં વચને ભેરવાઇ ગયા છે,
મેરવાઇ ગયાં મૂલ્યો સંઘનાં ખાયકીની છાસે -
દંભ-દેખાડાના બધા પડદા ચિરાઇ ગયા છે.

## હાઇકુ

સાઠ વરસે,
અજગરને ઘેર -
આવી ખૂશાલી..
(-ને ભાજપાને સત્તા..ગુજ્જુ ઝૂમાં
વિચિત્ર યોગાનુયોગ)

ઘેરાયાં ઘોર
આફતનાં વાદળાં -
વર્સે બફારો..
(આગાહીઓ જાણે -
(ચૂંટણી વચન)

## ચિંતન

**પરોપકાર નિરતૈર્દુર્જનૈઃ સહ સંગતિઃ । વદામિ ભવ તસ્તત્ત્વં ન વિધેયા કદાચન ॥**

‘હે સુજ્ઞ સજ્જન, હું તને એક તાત્વિક અને સાત્ત્વિક વાત કહું છું, કે બીજાના પર અપકાર-દુર્વ્યવહાર કરનાર એવા દુષ્ટ દુર્જનો સાથે કદી પણ સંગત રાખી કોઇ વ્યવહાર ન કરવો?’

દુષ્ટ-દુર્જન લોકો વિના કારણ કોઇ સજ્જન-સંતની ટીકા-નિંદા કરે છે કે એમના વિષયમાં ખોટી અફવાઓ ફેલાવે છે. તેમને કેમ મુશ્કેલીનો સામનો કરવો પડે એવું જ વિચારી એવા ‘પેતરા’ કરે છે.

આવા દુર્જન સાથેની સંગતથી આપણા આચાર-વિચાર પર પણ અસર પડે છે. એમની સાથે રહેવાથી પણ ‘છાંટા’ ઉડે છે અને લોકશંકાનું કારણ બને છે.

આથી, સુજ્ઞ-સજ્જન માણસે આવા દુર્જનનો પડછાયો પણ ન લેવો એમની સાથે કોઇ પણ જાતનો વ્યવહાર ન રાખવો જોઇએ.

## સુવિચાર

- કુછ મંઝીલોં કે મુકામ નહીં હોતે, કુછ રીશ્તોં કે નામ નહીં હોતે, પતા હોતે કુછ સવાલોં કે જવાબ, તો સબ ઇતને પરેશાન નહીં હોતે - **એસ.એમ.એસ.**
- તમારામાં શાણપણની શરુઆત ત્યારે થાય જયારે તમે તમારી જાતને ઓળખતા થાવ - **એરિસ્ટોટલ**
- તમે એટલા મક્કમ બનો કે તમારા ઘા (વુન્ડઝ્) ને તમે તમારા શાણપણ (વિઝડમ્)માં બદલી શકો - **ઓપ્રા વિન્ફ્રે**
- કોઇ પાકીટમાં છુટ્ટા રાખે છે.. જાણે ખિસ્સામાં દુઆ રાખે છે - **ગૌરાંગ ઠાકર**
- ફૂલો ચઢાવ્યે શું વળે પથ્થરની આસપાસ.. શ્રદ્ધા સુવાસ જોઇએ અંતરની આસપાસ - **સાંઇરામ**
- માણસ જાતે સ્વચ્છ રહે તે પૂરતું નથી, પૃથ્વી, પાણી જેવી માણસને મળેલી કુદરતી ભેટો ને પણ સ્વચ્છ રાખવી જોઇએ - **પર્યાવરણ મિત્ર**
- જીતવી જાતને સારી.. અન્યને જીતવા થકી.. - **મહાવીર સ્વામી**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

જીવન અમૂલ્ય ક્ષણો-કલાકો-દિવસોનું બનેલું છે આપણે એ જીવન ભૌતિક-ક્ષણિક આનંદ પામવાના મોહમાં વેડફી નાખીએ છીએ. વૃદ્ધાવસ્થામાં જયારે ‘ભાન’ થાય ત્યારે ઘણું બધું વેડફાઇ ગયું હોય છે. પછી ‘અફસોસ’ કરવા સિવાય કોઇ જ માર્ગ રહેતો નથી.

એક યુવાન ને વહેલી સવારે નદીની સામે પાર જવાનું હતું. હજુ ભળભાખરું હતું. નાવ આવી ન હતી. ત્યારે રસ્તામાંથી મળેલી પથ્થર ભરેલી થેલી ખોલી અને સરજ મજાના ગોળ પથ્થર ફેરવી-ઘૂમાવી નદીમાં નાખવા લાગ્યો. પાણીમાં પડવાનો તેનો ‘રણકો’ યુવકને આનંદ આપતો. ધીમે ધીમે બધા જ લગભગ પથ્થર નદીમાં નાખ્યાં ત્યાં થોડું અજવાળું થયું અને નાવ પણ સામે કાંઠેથી આવતી દેખાઇ.

બાકી બચેલા બે-ત્રણ પથ્થર પણ નદીમાં નાખવા યુવાને હાથમાં લીધા પણ અજવાળામાં જોયું તો ખબર પડી આ પથ્થરા ન હતા પણ કિમતી હીરા હતા. માત્ર ‘રણકાર’ સાંભળવા ક્ષણિક આનંદ માટે કિમતી હીરા ઊંડી-વહેતી નદીમાં નાખી વેડફી નાખ્યાનો ખૂબ જ અફસોસ થયો!

જીવનની કિમતી ક્ષણો વેડફી ન નાખતાં એનો સદુપયોગ કરીએ જેથી અંતિમ સમયે અફસોસ ન થાય!

Email - sureshchandrabhatt18@gmail.com

# યાકૂબની ફાંસી અને શાંતાકુમારનો લેટરબોમ્બ

## તંત્રી સ્થાનેથી....

એક જ દિવસે બે ઘટનાઓ બની છે : મુંબઈ બોમ્બ બ્લાસ્ટના આરોપી યાકૂબ મેમણને ફરમાવાયેલી મૃત્યુ દંડની સજા સામે કરાયેલ છેલ્લી અરજી દેશની સર્વોચ્ચ અદાલતે ફગાવી દીધી છે અને હવે આગામી ૩૦ જુલાઈની વહેલી સવારે નાગપુર જેલમાં જ એની સજાને અંજામ આપવાની તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે. બીજી ઘટનામાં ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શાન્તાકુમારે પાર્ટીમાં જ એક આંતરિક લોકાયુક્ત જેવી વ્યવસ્થા ઊભી કરી કૌભાંડો થતાં અટકાવવાની રજૂઆત કરતો લેટર બોમ્બ ફોડીને સરકાર અને પાર્ટીની ઊંઘ હરામ કરી દીધી છે. બેઉ ઘટનાઓને એકબીજા સાથે સીધી રીતે કશી જ લેવાદેવા નથી, પરંતુ બેઉમાં બિટવિન ધ લાઈન્સ એક સૂર સ્પષ્ટ વંચાય છે, તે છે ન્યાયસંગત વ્યવહારનો. જેમ જઘન્ય અપરાધ સાથે સંકળાયેલી વ્યક્તિને એની નિર્દોષતા પુરવાર કરવા માટે છેક નીચેના લેવલથી સર્વોચ્ચ અદાલત પછી અને તે પછી રાષ્ટ્રપતિની કૃપા લગીની તકો મળતી હોવા છતાં એના અપરાધને અનુરુપ સજા મળવી જ જોઈએ, એવી માનસિકતા જનમાનસમાં દઢીભૂત થઈ છે તે જ રીતે રાજકીય સત્તામંડળોમાં ઉચ્ચ સ્થાન પર પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈને આરૂઢ થનારો નેતાગણ પણ કાયદાથી પર ન જ હોવો જોઈએ. એને પણ એની ભૂલ બદલ સજા મળવી જ જોઈએ, એવો સંદેશ શાન્તાકુમારના પત્ર દ્વારા વ્યક્ત થાય છે. મૂળ મુદ્દો ગુનેગાર ગમે તેવો વગદાર હોય તો પણ એ છટકી ન જાય તે જોવાની અદાલત અને રાજય અર્થાત્ ન્યાયપાલિકા તેમ જ સરકાર બેઉની પવિત્ર ફરજ છે. વળી આ સજા દાખલારુપ પણ હોવી ઘટે. યાકૂબ મેમણને ફાંસી થશે એથી ગુનાઈત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વર્ગમાં એક છૂપી દહેશત પેદા થશે. જેમ દિલ્હી ગુનાના બહુચર્ચિત નિર્ભયા કાંડમાં દોષિતોને સમયસર એમના ગુનાની સજા સંભળાવી દેવામાં આવી એમ રાજકીય ક્ષેત્રે ઉચ્ચ મોભો ધરાવતા લોકો પ્રત્યે પણ અનાવશ્યક શેહશરમ દાખવ્યા વિના ન્યાયોચિત વ્યવહાર થવો જોઈએ અને તે સમયસર જ થવો જોઈએ. વિપક્ષ માગણી ન કરે તો પણ સત્તાધારી પાર્ટીએ એની ઈમેજ સ્ફટિકવત્ સ્વચ્છ રાખવા માટે સામે ચાલીને પોતાનાં કાળાં ઘેટાંને ઓળખી લઈ એમને રૂખસદ આપી દેવી જોઈએ. જો આ પ્રકારનું ઈન્ટર્નલ ઓડિટ થતું રહે તો શાસક પક્ષની વિશ્વસનીયતા વધશે અને સરકારને બિન જરુરી દબાણ હેઠળ કામ કરવાની લાલચ નહીં વેઠવી પડે. શાંતાકુમાર જેવા વિચારપુરુષ તરફથી મળેલી આ ‘ટીપ’ને વિધેયાત્મક સંદર્ભે જોવાને બદલે માત્ર અસંતુષ્ટ નેતાની હૈયાવરાળ ગણવાથી કે એમના સૂચનને સદંતર નકારી દઈ ‘હાથી ચલત હૈ અપની ગત મેં’ વાળી રાજનીતિ અપનાવવાથી પાર્ટી કે સરકારને સરવાળે તો નુકશાન જ થવાનું છે. જો કેન્દ્ર સરકાર અને શાસક પાર્ટી મુંબઈ બ્લાસ્ટના જઘન્ય ગુનેગારને ન બક્ષી શકતી હોય તો એ જ રીતે એણે પોતાની ઈજ્જતને બટ્ટો લગાડનાર કેન્દ્રીય મંત્રી કે મુખ્યમંત્રીઓને પણ વખત પૂરતા હોદ્દા પરથી ખસી જઈ સીબીઆઈ અથવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની તપાસનો સામનો કરવાનો આદેશ આપવો જોઈએ. કોણ જાણે, કેમ, શાસક પક્ષ કે સરકારને એવા ન્યાયોચિત વ્યવહારમાં પોતાની નાલેશી વરતાય છે! વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાકીની બધી બાબતોમાં એમનો અભિપ્રાય આપતા રહે છે પણ એમના જ મંત્રીમંડળના સાથી કે એમની પાર્ટીના મુખ્યમંત્રીઓ વિશે સત્ય ઉચ્ચારતાં અચકાય છે.

# રાષ્ટ્રગીત ગાવાની કોઈ નાગરિકને ફરજ પાડી શકાય નહીં

## અતીતથી આજ

- ડૉ.હરિ દેસાઈ

(ગતાંકનું ચાલુ)

તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને એમની સરકારના ગૃહમંત્રી લાલકૃષ્ણ આડવાણીએ એ વેળા એવી ભૂમિકા લીધી હતી કે ‘વંદે માતરમ્’ને શાળાઓમાં ગવડાવવાની ફરજ પાડી શકાય નહીં ! વાજપેયી સરકારના માહિતી અને પ્રસારણ પ્રધાન તરીકે મુખ્તાર અબ્બાસ નકવીએ ‘વંદે માતરમ્’નો વિરોધ કરનારાઓને રાષ્ટ્રવિરોધી ગણાવ્યા હતા, પરંતુ કલ્યાણ સિંહે પોતાના શિક્ષણ પ્રધાન શુક્લાને ગડગડિયું આપ્યું એટલું જ નહીં, શાળાઓમાં ‘વંદે માતરમ્’ અને ‘સરસ્વતીવંદના’ ગાવાનું ફરજિયાત કરતો સરકારી આદેશ રદ કર્યો હતો !

ભારતીય બંધારણના ઘડવૈયાઓએ ભારતીય રાષ્ટ્રગીત તરીકે ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ‘જનગણમન’ને માન્યતા આપી છે અને ભારતીય સ્વાતંત્ર્ય ચળવળમાં ઐતિહાસિક યોગદાન કરનાર ‘વંદે માતરમ્’ને સમાનસ્તરે મૂકીને આદર આપવાનું જાહેર કરાયું હતું. કોલકાતામાં ૨૬-૨૮ ડિસેમ્બર ૧૯૧૧ દરમિયાન મળેલા કૉંગ્રેસના અધિવેશનમાં ૨૭મીએ સવારે બાર વાગે સૌપ્રથમ ‘જનગણમન’ ગીત ગવાયું હતું. આ ગીત વિશેના વિવાદ સંદર્ભે ‘વિશ્વભારતી’ના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી પુલિન બિહારી સેનને પ્રત્યુત્તર વાળતાં રવીન્દ્રનાથે ૨૦ નવેમ્બર ૧૯૩૭ના રોજ લખ્યું હતું : ‘‘એ વર્ષે (૧૯૧૧માં) ભારતના સમ્રાટના આગમનનું આયોજન થયું હતું. સરકારમાં અગ્રસ્થાને બિરાજેલા મારા એક મિત્રે સમ્રાટના આગમન વખતે એક જયગાન લખવાનો મને ખાસ આગ્રહ કર્યો. સાંભળીને આશ્ચર્ય થયું હતું. તે આશ્ચર્ય સાથે ભારે ખેદ પણ થયો હતો. તેની પ્રબળ પ્રતિક્રિયાના ધક્કાથી જ મેં જનગણમન અધિનાયક ગીતમાં તે ભારત ભાગ્યવિધાતાની જય ઘોષણા કરી, જે વતન અભ્યુદયના ખાડાટેકરાવાળા રસ્તે યુગયુગથી દોડી રહેલા યાત્રીઓના ચિરસારથિ છે, જે જન ગણના અંતર્યામી પથપરિચાયક છે, તે યુગયુગાન્તરના માનવ ભાગ્યરથના ચિરસારથિ કોઈ પાંચમા કે છઠ્ઠા જયોર્જ કદી પણ ન હોઈ શકે તે વાત પેલા રાજભક્ત મિત્ર સમજી શક્યા હતા.’’

સ્વયં રવીન્દ્રનાથ ઠાકુરની આટલી સ્પષ્ટતાને સ્વીકારી નહીં શકનારા સંઘ પરિવારવાળાઓના અગ્રણી એવા કલ્યાણ સિંહ પાછા કહે છે કે મને રવીન્દ્રનાથ ઠાકુર માટે માન છે.૧૯૧૧ના કોલકાતાના કૉંગ્રેસ અધિવેશનમાં રવીન્દ્રનાથના ‘જનગણમન’ ઉપરાંત સમ્રાટ જયોર્જ પંચમના માનમાં હિંદીમાં રામભુજ ચૌધરીરચિત સ્તુતિગાન ગવાતાં અંગ્રેજી મીડિયાએ કરેલા ગોટાળાથી ‘જનગણમન’ને ભૂલથી સમ્રાટનું સ્તુતિગાન ગણી લેવાયું! અપપ્રચારને પાંખો ખૂબ ફૂટતી હોય છે. ૧૯૧૩માં જેમને ‘ગીતાંજલિ’ માટે નોબેલ પારિતોષિક મળે છે અને જેમણે રચેલું ‘આમાર સોનાર બાંગલા’ આજે પણ બાંગલાદેશનું રાષ્ટ્રગીત છે એ રવીન્દ્રનાથ ભણી આદર વ્યક્ત કરવાની સંઘ પરિવારની નીતિરીતિ નોખી છે. સંઘ પરિવારનો આગ્રહ છે કે ‘વંદે માતરમ્’ને જ રાષ્ટ્રગીત તરીકે સ્વીકારવામાં આવે. આ તબક્કે ઉલ્લેખ કરવા જેવો છે કે ૧૮૮૨માં બંકિમ ચેટરજીલિખિત ‘આનંદમઠ’ નવલમાં પ્રકાશિત ‘વંદે માતરમ્’ને ૧૯૦૫માં વારાણસીના કૉંગ્રેસના અધિવેશનમાં રાષ્ટ્રગીત તરીકે સ્વીકારવામાં આવ્યું અને સૌ પ્રથમ રવીન્દ્રનાથ ઠાકુરે જ ૧૮૯૬ના કોલકાતા અધિવેશનમાં ગાયું હતું! એ પહેલાં તેમણે બંકિમબાબુ સમક્ષ પણ એનું ગાન કર્યું હતું. ‘વંદે માતરમ્’ સામે મૂર્તિપૂજાના મુદ્દે પાછળથી મુસ્લિમોમાં વિરોધ ઊઠ્યો, પણ રવીન્દ્રનાથે ૧૮૯૬ના કૉંગ્રેસના જે અધિવેશનમાં એ ગાયું તેના અધ્યક્ષપદે એક ગુજરાતી મુસ્લિમ અગ્રણી નામે, રહીમતુલ્લાહ સાયાની હતા. ૧૯૦૫ના વારાણસીના કૉંગ્રેસના અધિવેશનમાં એને રાષ્ટ્રગીત તરીકે ગોપાળકૃષ્ણ ગોખલેના અધ્યક્ષપદે માન્યતા મળી અને એ વેળા મોહમ્મદ અલી ઝીણા પણ કૉંગ્રેસ કારોબારીમાં હતા.

૧૯૦૬માં મુસ્લિમ લીગની સ્થાપનાને એમણે દેશને તોડવાનો કારસો ગણાવવાનું પસંદ કર્યું હતું. એ જ ઝીણાએ મુસ્લિમ લીગનું નેતૃત્વ લીધું અને ૧૯૩૫માં ‘વંદે માતરમ્’ નો જોરદાર વિરોધ કરવા ઉપરાંત ૧૯૪૭ની ૧૪ ઑગસ્ટે અલગ પાકિસ્તાન મેળવ્યું! ૧૯૩૮માં મુસ્લિમ લીગની ૧૧ માંગણીઓમાં ‘વંદે માતરમ્’ને રાષ્ટ્રગીત તરીકે પડતું મૂકવાનો આગ્રહ પણ હતો. એ વેળા કૉંગ્રેસે એક સમિતિ નીમી, જેમાં મૌલાના અબુલ કલામ આઝાદ, જવાહરલાલ નેહરુ, સુભાષચંદ્ર બોઝ અને નરેન્દ્ર દેવ હતા. સમિતિએ રવીન્દ્રનાથની સલાહ લઈને એક રાષ્ટ્રીય ગાન (નૅશનલ ઍન્થમ) નક્કી કરવાનું હતું. સમિતિનો ઠરાવ નેહરુનો હતો. ‘વંદે માતરમ્’ને રાષ્ટ્રગીત તરીકે તેની પ્રથમ બે કડી સ્વરૂપે સ્વીકારવામાં આવ્યું. આ બધા જ તબક્કે કૉંગ્રેસમાંના મુસ્લિમ નેતાઓને પણ એ માન્ય હતું.

૧૮૮૨માં બ્રિટિશ સરકારના વરિષ્ઠ અધિકારી બંકિમચંદ્ર ચેટરજી-ચટોપાધ્યાયની નવલકથા ‘આનંદમઠ’ સૌ પ્રથમ પ્રકાશિત થઈ હતી. જોકે ‘વંદે માતરમ્’ ગીત તેમના પરિવારના સામયિક ‘બંગદર્શન’માં ૧૮૮૦માં પ્રગટ થયું હતું. તેમાં ‘આનંદમઠ’ હપ્તાવાર પ્રગટ થઈ હતી. બંગભંગવિરોધી આંદોલન(૧૯૦૫) વખતે ‘વંદે માતરમ્’ પ્રત્યેક બંગાળી ગાવા માંડ્યો. અહીં હિંદુ-મુસ્લિમનો ભેદ નહોતો. બંકિમબાબુએ પોતાની બ્રિટિશ નોકરી બચાવવા માટે ‘આનંદમઠ’માં અનેકવાર ફેરફાર કર્યા અને સૌપ્રથમ આવૃત્તિમાં ‘બ્રિટિશ’ અને ‘અંગ્રેજ’ શબ્દ હતા. એ રાજદ્રોહની કાર્યવાહી ખાળવા માટે પાંચમી આવૃત્તિ સુધીમાં ‘મુસલમાન’ ‘યવન’ ‘વિધર્મી’ થતા રહ્યા. નવલકથાનો મુખ્ય સ્વર અંગ્રેજ શાસકો વિરુદ્ધનો રહ્યા છતાં રાષ્ટ્રદ્રોહના ખટલાથી બચવા બંકિમબાબુએ એને મુસ્લિમ વિરુદ્ધનો ઓપ આપવાનો પ્રયાસ કરવો પડ્યો. એના જ પરિણામે ‘આનંદમઠ’ નવલે મુસ્લિમ સમાજનો વિરોધ વહોરવો પડ્યો. સંઘ પરિવારને મુસ્લિમ વિરોધ માફક આવવો સ્વાભાવિક છે.

આઝાદી પછી બંધારણ સભાએ રાષ્ટ્રગીત તરીકે ‘જનગણમન’ને માન્યતા આપી અને ‘વંદે માતરમ્’ને એની સમકક્ષ મૂક્યું, છતાં ગુજરાતની વડી અદાલતે સૌ પ્રથમ ચુકાદો આપ્યો કે રાષ્ટ્રગીત ગાવાની કોઈ નાગરિકને ફરજ પાડી શકાય નહીં. કેરળ હાઈકોર્ટે પણ આવો જ ચુકાદો આપ્યો અને છેવટે સુપ્રીમ કોર્ટે પણ રાષ્ટ્રગીત ગાવાની કોઈ નાગરિકને ફરજ પાડી શકાય નહીં એવો ચુકાદો આપ્યા છતાં વિવાદ હજુ શમતો નથી.

# વર્ષાઋતુમાં મુખ્યત્વે પેટનાં રોગો વધુ થાય છે

## વરસાદમાં સંભાળ
## નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

મોનસૂનનો બીજો રાઉન્ડ શરુ થવામાં છે ધીમે ધીમે છાંટાઓ ભીંજવી રહ્યા છે. વચ્ચે એકાદ મહિના જેટલો ગેપ પડી ગયો, અને હવે ખરેખર જ વરસાદની જરુર છે. કોઈ પણ ઘટના જરુર પુરતી અને સમયસર થાય તો જ તેની મહત્તા જળવાય. એટલે હવે વરસાદને આવવું જ રહ્યું.

વર્ષાઋતુના આગમન સાથે ખેતરોમાં અંકુરારોપણ થાય જ છે, સાથે સાથે શરીરમાં રોગોનું અંકુરારોપણ પણ થાય છે. આમ જોઇએ તો આ આરોપણની પૃષ્ઠભૂમિકા વર્ષાથી આગળની ઋતુ એટલે કે ગ્રીષ્મ ઋતુમાં જ બંધાઇ ગઇ હોય છે. જો ગ્રીષ્મ ઋતુમાં આહાર-વિહાર-આચારનું ધ્યાન ન રાખ્યું હોત તો રોગો થવાની શરુઆત થઇ જાય જે - વર્ષાઋતુમાં વકરી શકે.

વર્ષાઋતુમાં વાતાવરણમાં ભેજ હોય છે. ભેજવાળા વાદળી આકાશગમન કરી રહ્યાં હોય છે. ભેજવાળો પવન ફૂંકાતો હોય છે. પૃથ્વી અંદરથી ગરમ હોય છે જે બાષ્પ છોડે છે. માનવોનો અજારસ વિપાક સ્વરુપે ખાટો થઇ જાય છે. જઠરાગ્નિ મંદ પડે છે અને વિવિધ રોગો થવાની શરુઆત થઇ જાય છે. જઠરાગ્નિ મંદ થવાની શરુઆત ગ્રીષ્મઋતુથી જ થઇ ગઇ હોય છે, જે વર્ષાઋતુમાં વાતાવરણ બદલવાથી વધુ મંદ થઇ જાય છે. જે અનેક રોગોને નોતરે છે. વર્ષાઋતુમાં વાયુનો પણ પ્રકોપ થાય છે. આથી જે લોકો આહાર-વિહારમાં બેદરકારી સેવે છે તેઓને ગેસ, ઝાડા-ઉલ્ટી, મરડો આદિ રોગો થવાની શક્યતા વધે છે.

આમ, વર્ષાઋતુમાં ઘણાબધા વ્યાધિઓ થવાની શક્યતા રહે છે. આથી તે વ્યાધિઓ ન થાય તે માટે સાવચેતી રાખવી જરુરી છે. આ સાવચેતીના પગલાં જોઈએ તો,

આપણા શાસ્ત્રોમાં ચાતુર્માસનું મહત્ત્વ રહેલું છે ભલે કડકપણે ચાર્તુમાસનું અનુસરમ ન થાય, પરંતુ અમુક ચાતુર્માસના અમુક નિયમો પાળીએ તો સ્વસ્થ રહી શકાય જેમ કે સુર્યાસ્ત પહેલા જમી લેવું, એકટાણા કરવા, ભારે પદાર્થોનો ત્યાગ કરવો આદિ...

ચોમાસામાં જયાં - ત્યાં ખૂબ પાણી ભરાયેલા રહે છે. જે વિવિધ પ્રકારના બેકટેરીયા-વાઈરસને નોતરે છે. અને રોગચાળાનો ભય રહે છે. આથી સૌ પ્રથમ તો આવા પાણી ન ભરાઈ રહે તેની સાવચેતી રાખવી, જો પાણી ભરાયેલા હોય તો તેમાં ગવર્નમેન્ટ - હેલ્થ વિભાગની મદદથી ડીડીટી જેવી દવાઓનો છંટકાવ કરવો, ખુલ્લા પગે - ગંદકીમાં ન ફરવું. નાના બાળકોનું ખાસ ધ્યાન રાખવું. ખાવા-પીવાના પદાર્થો ઢાંકીને જ રાખવા અને વાસી ખોરાક બિલકુલ ન ખાવો. દૂધને ઉકાળીને જ પીવાનું રાખવું. પાણી પણ ઉકાળીને પીવું.

વર્ષાઋતુમાં મુખ્યત્વે પેટનાં રોગો વધુ થાય છે. જઠરાગ્નિ મંદ હોય છે, અને તેમાં ઉપરથી ભારે ખોરાક ખવાય, બેકટેરીયલ ઈન્ફેકશન થાય આથી ઝાડા-ઉલ્ટી-મરડો થવાના ચાન્સીસ વધુ છે. આથી કોઈ પણ ભોગે પાચનતંત્રને - સુવ્યવસ્થિત રાખવું આ માટે આમપાચન વટી, ચિત્રકાદિ વટી, એરંડભૃષ્ટ હરડે, હિંગ્વષ્ટક ચૂર્ણ આદિમાંથી અનુકૂળ આવે તેનું નિયતમાત્રામાં સેવન કરવું. જો જઠરાગ્નિ વધુ મંદ રહેશે. તો તેની અસર આગામી ઋતુ - શરદ ઋતુમાં થશે અને શરદઋતુને તો શાસ્ત્રોમાં રોગમાતા કહી છે. આથી એ સમયે રોગો વધુ વકરશે. આથી ચેતતા નર સદા સુખી.


આમ, રોજીંદી-નિયમિત કાળજી કરવાથી - વર્ષાઋતુમાં સ્વસ્થ રહી શકાય. દરેક ઋતુના મિજાજને - તેની સુંદરતાને માણવાની અનેરી મજા છે. પણ તેની પૂર્વશરત એ જ કે આપણે સ્વસ્થ રહીએ. હેપ્પી મોનસૂન...

# વેદના-સંવેદના-પીડાના સંક્રમણને આલેખતા કવિનો ‘ભીતરનો વલોપાત’

કર્મશીલ હોવાના નાતે દલિત સમાજની વ્યથાને નિકટની નિહાળી - અનુભવી, કવિતા સ્વરુપમાં ઢાળી, પ્રથમ કાવ્યસંચય ‘ભીતરનો વલોપાત’ પ્રગટ કરનાર ‘નવોદિત’ કવિ સોમ વાઘેલાની રચનાઓ દલિતોની વેદના-સંવેદનાને વ્યક્ત કરવામાં મહ્‌દ અંશે સફળ નીવડી છે એમ કહેવું યથાર્થ લેખાશે.

કવિની આ સંગૃહિત રચનાઓમાં સદીઓ જૂના ધર્મના સડાઓને નેસ્તનાબૂદ કરવા, ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન કવનમાંથી પ્રેરણાપિયુષ પામવા તથા સમાજવ્યાપ્ત દૂષણોને દેશવટો આપવાથી માંડી ‘કવિ થવા’ના કારણોની નુક્તેચીની કેન્દ્રસ્થાને બિરાજે છે. કવિની બાની સાદી-સફળ અને હૃદયને સ્પર્શી જાય એવી, ખાસ કરીને સમાજની સાંપ્રત વિષમતા-વિરુપતા આલેખે છે ત્યારે!

બાલાસિનોર જેવા રાજકારણીઓથી ઉવેખાયેલા મુલકમાં ગાંધીવાદી કાર્યકર અને ‘મોટા ભાઈ’ તરીકેના જાણીતા દિવંગત ઘનશ્યામ ત્રિવેદીના વડપણ હેઠળ ચાલતા ‘સંસ્કાર મંદિર’ માં છાત્રાવાસ દરમિયાન શિસ્ત, શિક્ષણ



અને સંસ્કારના પાઠ ભણી ચૂકેલા કવિના હૃદયમાં વેદના-સંવેદના શૈશવકાળથી જ ઊગેલી, જે સંક્રમણ થતી થતી આજે ‘ભીતરનો વલોપાત’માં શબ્દસ્વરુપે આકાર પામી છે. ‘માનવતા’ના મંત્રની અહાલેક કવિની રચનાઓમાં આ કારણે વારંવાર અનુભવાય છે તો સમાજ સેવાની ખેવનાના ધબકારા કવિતાના છંદ-ઢાળ-ગાનથી પામી શકાય છે.

૫૭ કાવ્યરચનાઓના આ સંચયની ‘પ્રસ્તાવના’માં દલપત ચૌહાણે ‘નવા વિચારની કવિતામાં વિચારની સચ્ચાઈ’ પિછાણી, કોઈનીય શેહશરમ રાખ્યા વિના પોતાના સામાજિક, ધાર્મિક વિચારોને પોતાની લઢણ-લહેકાઓ દ્વારા રજૂ કરવાની કવિની હિંમતને બિરદાવી છે તો સાહિલ પરમારે ‘કન્ટેન્ટ આધુનિક પણ ફોર્મ મધ્યકાલીન’ કહી કાવ્ય રચનાઓને ઉમળકાભેર વધાવી છે. કરૂણા અને સંવેદનાના કવિ સોમ વાઘેલાની કાવ્ય રચનાઓમાં ચંદુ મહેરિયાએ પ્રતિબદ્ધતા અને આક્રોશ નિહાળી, કર્મશીલ, કવિના પ્રાગટ્યનું સ્વાગત કર્યું છે.

અનિલ વાઘેલાએ, ‘પરમ સખાની વેદનાની ભીતરનું સત્ય’ શૈશવને સ્મરી, ઉજાગર કર્યું છે તો આ લખનારે કવિને ‘વેદના-સંવેદના-પીડાના કવિ’ તરીકે ઓળખાવી કાવ્યસ્વરુપની બારાખડીની અનુપસ્થિતિમાં દિલની સચ્ચાઇ-વેદનાનો રણકાર અવશ્ય અનુભવાય છે એમ કહી રચનાઓને ભીતરના બળથી આવકારી છે!

‘ભીતરનો વલોપાત’ માં વ્યક્ત થયેલી કવિની આ રચનાને માણીએ :

વિદ્રોહની આહ અને નફરતની આગ, તિરસ્કારેય કેવા ઉભરાયા?
રૂદિયે પડેલું આમ ઉછાળા મારતું, જાણે દરિયો મોજાના ઉછાળા,
પોતીકા હોય ત્યાં ઠાલવતો ઊભરો, જયાં દિલથી યે દિલ મંડાણા,
નથી જોતા મારે નકલી નજરાણા, મારે ગાવા છે ભીતરના ગાણાં

‘શ્રી હરિને પત્ર’ શીર્ષક હેઠળની રચનામાંથી આ પંક્તિઓ :

છૂતાછૂત ને ઊંચ-નીચના, શું તેં જ બનાવ્યા વાડા?
એકને આપી દોમ સાહ્યબી, બીજાને દુઃખના દહાડા!
ખરેખર તું હરિ હોત તો, આવું કૃત્ય ના કરતો,
સંદેહ થયો ‘સોમ’ હરિ નામથી, તું અસ્તિત્વ ના ધરતો!

●●●

‘દલિત ઉદ્ધારક ઘનશ્યામ’ રચનામાં દિવંગત ઘનશ્યામ ત્રિવેદીમાં ‘સંસ્કાર મંદિર’ની છબી સુપેરે ઉપસી આવે છે :

બ્રહ્મ સપૂત પણ દલિત કાજે, જીવન મેલ્યું ઘર બહાર,
છૂત-અછૂતના ભેદ મિટાવી, લગીરે નહીં ભરમાર!
સંસ્કાર કેરું ‘મંદિર’ તારું, મૂરત મન મુસ્કાય,
ગરીબ તણો ‘કિરતાર’ બન્યો, એ નામ બધે પંકાય.

●●●

સમગ્રપણે જોતાં ‘ભીતરનો વલોપાત’ કવિનો પોતિકો વલોપાત હોવા છતાં આ કવિતાઓમાં આપણા સહુના દિલનો વલોપાત અનુભવાય છે - પ્રતિબિંબાય છે! નવોદિત કવિ સોમ વાઘેલાની આ રચનાઓને આવકારી કવિ પાસેથી ભવિષ્યમાં વિશેષ બળવત્તર રચનાઓની અપેક્ષા.

ભીતરનો વલોપાત (દલિત કવિતા સંગ્રહ)
સોમ વાઘેલા, પ્રાપ્તિસ્થાન, ‘ભીમ દર્શન’, ૨૩૯/૨,
સેકટર-૧સી, ગાંધીનગર, કિંમત રૂા. ૫૦

**- રમણ વાઘેલા**

# વિદ્યા, વપુ, વાણી, વસ્ત્ર અને વૈભવ એ પાંચ ‘વ’કારથી માણસનું ગૌરવ વધે છે

## લાગણીનો મેળો

- રસિક વાળંદ ‘નિર્ઝર’

વિદ્યા, વપુ, વાણી, વસ્ત્ર,અને વૈભવ એ પાંચ ‘વ’ કારથી માણસનું ગૌરવ વધે છે.

ઉપરોક્ત પંચ ‘વ’કારમાં સૌથી પહેલું સ્થાન વિદ્યાનું છે. વિદ્યા એટલે આજનું ડીગ્રી અપાવનારું ભણતર જ નહિ પરંતુ ભણતર, ગણતર અને ઘડતરનો સંપુટ એટલે વિદ્યા.

બીજો ‘વ’ કાર છે વપુ. માણસનું શરીર સોષ્ઠવ. પહેલું સુખ તે જાતે નર્યા. શરીર સ્વસ્થ ને તંદુરસ્ત હોય તો બાહ્ય પ્રસાધનોની ઝાઝી જરૂર નથી રહેતી. વાણી માનવને ગૌરવ બક્ષનાર ત્રીજો ‘વ’કાર છે. વાણી જાતિ અને કુળનો પરિચય આપે છે. તેથી કહેવાય છે ‘આદમી કો તોલ એક બોલમેં પિછાનીએ. વાણી થાકી માણસ પરખાઈ જાય છે. વસ્ત્ર માણસનું ગૌરવ વધારનાર ચોથો ‘વ’ કાર છે. કહેવાય છે ને... ‘એક નૂર આદમી હાજર નૂર કપડાં

આપણા માનનીય વડાપ્રધાન માનનીય શ્રી મોદીજી વસ્ત્રપરિધાન માટે ખુબ ચર્ચાયા. એક નવી જ ‘મોદી બ્રાન્ડ પોશાક શ્રેણી બજારમાં આવી. ટીકાકારોએ ટીકા પણ કરી..... હું અંગત રીતે એવું માનું છું કે જે વ્યક્ત થાય તે વ્યક્તિત્વ. આપણા આંતરિક પાસાની જેમ બાહ્ય પાસા પણ વ્યક્તિત્વને નિખારે છે. આ સત્ય સમજી શકનાર જ પ્રભાવી વ્યક્તિત્વનો સ્વામી બની શકે... પરંતુ મોટાભાગના માણસો આવું ક્યારેય વિચારતા જ નથી...

મહાત્મા ગાંધીનાં કપડાં આજની ફેશન પરાસ્ત જમાનાની દ્રષ્ટીએ સાવ સામાન્ય ગણાય. એ જ રીતે શ્વેત વસ્ત્ર સન્યાસી આધુનિક ઋષિવર્ય પૂજય પાંડુરંગ શાસ્ત્રીના વસ્ત્રો... આ બંને મહામાનવનાં કપડાં કેવા સ્વચ્છ અને ઉજળા દૂધ જેવા રહેતા હતા એ કોઈને ખબર ખરી... એ વસ્ત્રો જ એમના માટે રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક જેવા થઈ ગયેલા. સ્વામી રામતીર્થને તમે જટાવાળા કલ્પી શકો? ફેટાં વિહોણા વિવેકાનંદ કેવા લાગે! ટોપીને અચકન વગરના પંડિત નહેરુની પ્રતિભા કેવી દેખાય?

અરે, ગુરુદેવ પોતાની વેશભૂષા માટે ખાસ કાળજી રાખતા, નંદ બાબુ એકવાર એમને કહે ‘તમે વસ્ત્રોની પસંદગી પાછળ ખાસ સમય ગાળો છો.

મારે મન એ પણ જીવન કલાનો એક ભાગ છે.

મને તો આ વિચિત્ર લાગે મુલાકાતીએ કહ્યું.

તમને વિચિત્ર લાગે કારણકે તમને જીવનની કલાનો કોઈ પરિચય નથી.

જીવનના આ કલાકાર વસ્ત્રપરિધાનની સારી અસર વિષે તો જાણકાર હતા જ. પ્રથમ અસર સારી પડે તો સામા માણસને ‘પોતાનો બનાવવાનું કામ સરળતાથી અને ઝડપથી થઈ શકે છે આ માટે કોઈ વિશેષ પ્રયત્ન કરવા ન પડે.

બીજો એક પ્રસંગ છે, અબ્રાહમ લિંકન જયારે સામાન્ય વકીલ હતા. એક જજને મળવા જવાનું થતા એ અને એમનો મિત્ર તૈયાર થવા લાગ્યા. માથું ઓળવામાં લિંકને સારો એવો સમય લીધો. મિત્ર કહે, આટલા બધા વરણાગીવેળા ના કરાય કાંસકો ફેરવી ને ચાલવા માંડવાનું. પહેલી નજરે સમા માણસને કેવો પ્રભાવિત કરો છો તેનું ઘણું મૂલ્ય હોય છે. પહેલી મુલાકાત અસરકારક અને દીર્ઘજીવી બનાવી જરૂરી છે. આપણે આવું વિચારીએ છીએ ખરા?! આપણે સમા માણસને મળીએ છીએ તો આપણે કેવી અને કેટલી અસર એમના પર પડે છે આવું વિચાર્યું છે ખરું? પહેલી અસર અવળી પડી તો સવળી કરાવી કઠીન છે. આ સાવ સાદો વહેવારુ નિયમ કેટલા ને સમજાયુ હશે?!!

દોસ્તો, આપણે આવા ટ્રેડમાર્ક ભલે ન બની શકીએ પરંતુ આપણા વ સ્ત્રો પહેરવેશ અવળો પ્રભાવ ન પડે એ તો અચૂક જોવું જ જોઈએ... આજકાલ સિનેમાના નટ નટીઓનું અનુકરણ વ્યાપક બનતું જાય છે. એ જ રીતે સંસ્કારદાતા એવા શિક્ષણકર્મીઓના વસ્ત્ર પરિધાન વ્યવસાયને છાજે એવા હોય છે ખરા?! ભારતીય સભ્યતા અને સંસ્કૃતિના ગુણગાન ગાનારા પશ્ચિમ રંગે રંગાયા છે!!!

બુકાનીધારી નખશીખ ઢંકાયેલી આપણી નોકરીયાત બહેનો સમાજને કયો સંદેશ આપે છે... કોઈ કહે કે ન કહે કાયદો હોય કે ન હોય..... એક શિક્ષિત જવાબદાર નાગરિક તરીકે નૈતિક ફરજ બની રહે કે આપણી સંસ્કૃતિ સભ્યતાનું જતન કરવું.

પિત્તળની ઈંટોથી સોનાનું ઘર કડી ન બને... આધુનિકતાના ખોટા ખ્યાલો પથચ્યુત કરી રહ્યા છે. ત્યારે થોડુંક વિચારીએ.... આચાર વિચારમાં વિસરાતી ભારતીયતાનો રંગ ભેળવીએ... આ ઉપરાંત આવું કેટલુંક વિચારવું રહ્યું...

વસ્ત્રો વ્યવસાયવ્યક્તિત્વ ને પ્રસંગને છાજે તેવા પહેરવાનું વિચારીએ... ઘણીવાર અન્યનું ધ્યાન ખેંચવા ભડકાઉ રંગનાં વસ્ત્રો પસંદ કરતા હોય છે. મનોવિજ્ઞાન કહે છે કે વધારે પડતા ભડકાઉ રંગ પહેરનારના મનમાં ઉંડે ઉંડે લઘુતા પડેલી હોય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)